પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૧૧૦ • કુલ પાના : ૪ • તારીખ : ૦૧-૦૧-૨૦૨૪ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મન કી બાતનો ૧૦૮મો એપિસોડ

## અયોધ્યામાં રામ મંદિરને લઈને સમગ્ર દેશમાં ઉત્સાહ અને ઉમંગ છે : વડાપ્રધાન મોદી



નવીદિલ્હી,

વર્ષના અંતિમ દિવસે વડાપ્રધાન મોદીના મન કી બાત કાર્યક્રમનો ૧૦૮મો એપિસોડ યોજાયો હતો, આ કાર્યક્રમ દરમિયાન નવા વર્ષની શરુઆત પહેલા દેશની જનતાને વડાપ્રધાને શુભેચ્છા પાઠવવાની સાથે સ્વાસ્થ્ય, સ્વ તથા દેશનો વિકાસ, રામ મંદિર સહિતના મુદ્દે વાત કરી છે.

આજે વર્ષનો છેલ્લો દિવસ છે. એક તરફ આ વર્ષ પૂરું થઈ રહ્યું છે અને બીજી તરફ થોડા કલાકોમાં નવા વર્ષની એન્ટ્રી થવાની છે. વર્ષના અંતિમ દિવસે એટલે કે ૩૧મી ડિસેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા લોકો સાથે સીધા જોડાયા હતા, પીએમ મોદીની મન કી બાતનો આ ૧૦૮મો એપિસોડ હતો. આજના કાર્યક્રમમાં પીએમ મોદીએ નવા વર્ષની શુભેચ્છા આપવાની સાથે સંસ્કૃતિ, સ્વાસ્થ્ય અને દેશના યુવાનોની તાકાત સહિત રામ મંદિર અને ગુજરાતની પણ ખાસ વાત કરી હતી..ઁ મોદીએ મન કી બાતમાં કહ્યું, 'તમારા બધાને ૨૦૨૪ માટે ઘણી શુભકામનાઓ. આ ૧૪૦ કરોડ ભારતીયોની તાકાત છે કે આ વર્ષે આપણા દેશે ઘણી વિશેષ સિદ્ધિઓ હાંસલ કરી છે.મોદીએ મન કી બાતમાં કહ્યું, 'તમને બધાને ૨૦૨૪ માટે ઘણી શુભકામનાઓ, આ ૧૪૦ કરોડ ભારતીયોની તાકાત છે કે આ વર્ષે આપણા દેશે ઘણી વિશેષ સિદ્ધિઓ હાંસલ કરી છે.

આપણે ૨૦૨૪માં પણ આ જ ભાવના અને ગતિ જાળવી રાખવાની છે. મિત્રો, આજે પણ ઘણા લોકો મને ચંદ્રયાન-૩ની સફળતાને લઈને મેસેજ મોકલી રહ્યા છે. મને ખાતરી છે કે મારી જેમ તમે પણ આપણા વૈજ્ઞાનિકો અને ખાસ કરીને મહિલા વૈજ્ઞાનિકો પર ગર્વ અનુભવશો.

પીએમ મોદીએ કહ્યું કે 'આ ૧૦૮ એપિસોડમાં આપણે જનભાગીદારીના ઘણાં ઉદાહરણ જોયા છે, તેનાથી પ્રેરણા મળી છે. હવે એ પડાવ પર પહોંચ્યા બાદ, આપણે નવી શરુઆત કરવાની છે. નવી ઉર્જા અને વધુ તેજી સાથે આગળ વધવાનો સંકલ્પ લેવાનો છે.' ૧૦૮ નંબરના મહ્‌ત્વ અંગે વાત કરીને તેમણે કહ્યું કે, '૧૦૮ નંબરનું મહત્વ, તેની પવિત્રતા એ ઊંડા અભ્યાસનો વિષય છે. જપમાળામાં ૧૦૮ માળા, ૧૦૮ વખત જાપ, ૧૦૮ દિવ્ય ગોળા, મંદિરોમાં ૧૦૮ સીડી, ૧૦૮ ઘંટ, આ ૧૦૮ની સંખ્યા અપાર શ્રદ્ધા સાથે જોડાયેલી છે. પીએમએ કહ્યું, 'મન કી બાત દ્વારા તમને મળ્યા પછી મને પણ આ જ અનુભૂતી થાય છે, આ આપણી સહિયારી યાત્રાનો ૧૦૮મો એપિસોડ છે. મન કી બાત એટલે તમને મળવાની એક શુભ તક, અને જ્યારે અમે અમારા પરિવારના સભ્યો સાથે મળીએ છીએ, ત્યારે તે ખૂબ જ આનંદદાયક અને સંતોષકારક હોય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં વધુમાં કહ્યું કે 'સ્વસ્થ રહો, ફિટ રહો', વર્ષ ૨૦૨૪ની શરૂઆત કરવા માટે તમારી પાસે પોતાની ફિટનેસથી મોટો સંકલ્પ શું હોઈ શકે? મારા પરિવારના સભ્યો.. થોડા દિવસો પહેલા કાશીમાં એક પ્રયોગ થયો હતો, જેના વિશે હું 'મન કી બાત'ના શ્રોતાઓને જણાવવા માંગુ છું. હું આજની યુવા પેઢીને રીઅલ-ટાઈમ ટ્રાન્સલેશન સંબંધિત છૈં ટૂલ્સને વધુ એક્સપ્લોર કરો, તેને ૧૦૦% ફુલ પ્રૂફ બનાવવો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં વધુમાં કહ્યું હતું કે, 'મિત્રો, આજે શારીરિક સ્વાસ્થ્ય અને સુખાકારીની ઘણી ચર્ચા થાય છે, પરંતુ તેની સાથે જોડાયેલ બીજું મહત્વનું પાસું છે માનસિક સ્વાસ્થ્ય. હું તમને બધાને વિનંતી કરીશ કે ફિટ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા માટે નવીન સ્વાસ્થ્ય સંભાળ સ્ટાર્ટઅપ્સ વિશે મને લખતા રહો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું કે 'મિત્રો, જ્યારે નટુ-નટુને ઓસ્કાર મળ્યો ત્યારે આખો દેશ આનંદથી ઉછળી પડ્યો હતો. 'ધ એલિફન્ટ વ્હીસ્પરર્સ' માટેના સન્માન વિશે સાંભળીને કોણ ખુશ ન થયું? આના દ્વારા વિશ્વએ ભારતની રચનાત્મકતા જોઈ અને પર્યાવરણ સાથેના અમારું જોડાણ સમજ્યું.

મન કી બાતમાં પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, ગુજરાતમાં ડાયરાની પરંપરા છે. આખી રાત ડાયરામાં હજારો લોકો જોડાય છે અને મનોરંજનની સાથે જ્ઞાન પણ મેળવે છે. આ ડાયરીમાં લોકસંગીત, લોકસાહિત્ય અને હાસ્યની ત્રિપુટી સૌના મનને આનંદથી ભરી દે છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, મારા પરિવારના સભ્યો, અયોધ્યામાં રામ મંદિરને લઈને સમગ્ર દેશમાં ઉત્સાહ અને ઉમંગ છે. લોકો પોતાની લાગણીઓ અલગ અલગ રીતે વ્યક્ત કરી રહ્યા છે. મારા મનમાં એક વાત આવી રહી છે કે શું આપણે બધાએ આવી બધી રચનાઓ એક જ હેશટેગ સાથે શેર કરવી જોઈએ. હું તમને વિનંતી કરું છું કે તમારી રચનાઓ સોશિયલ મીડિયા પર (શ્રી રામ ભજન) હેશટેગ સાથે શેર કરો.

પીએમ મોદીએ આગળ કહ્યું, '૨૦૨૪ હવે થોડા કલાકો દૂર છે. ભારતની સિદ્ધિઓ દરેક ભારતીયની સિદ્ધિઓ છે. આપણે પાંચ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને ભારતના વિકાસ માટે સતત કામ કરવાનું છે.

આપણે જે પણ કામ કરીએ, જે પણ નિર્ણય લઈએ, આપણો પહેલો માપદંડ એ હોવો જોઈએ કે તેમાંથી દેશને શું મળશે, તેનાથી દેશને શું ફાયદો થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું કે, 'નેશન ફર્સ્ટ- આનાથી મોટો કોઈ મંત્ર નથી. આ મંત્રને અનુસરીને આપણે ભારતીયો આપણા દેશને વિકસિત અને આત્મનિર્ભર બનાવીશું. તમે બધા ૨૦૨૪માં સફળતાની નવી ઊંચાઈઓ પર પહોંચો, તમે બધા સ્વસ્થ રહો, ફિટ રહો, ખુશ રહો - આ મારી પ્રાર્થના છે. ૨૦૨૪માં અમે ફરી એકવાર દેશના લોકોની નવી ઉપલબ્ધિઓની ચર્ચા કરીશું.

## મધદરિયામાં પાકિસ્તાનની નાપાક હરકત, ગુજરાતની બોટનું કર્યુ અપહરણ, ૯ માછીમારોને લઈ ગયા



ઈસ્લામાબાદ,

અનેકવાર એવું બન્યું છે કે, પાકિસ્તાન મરીન સિક્યુરિટી એજન્સી દ્વારા અનેકવાર ભારતીય માછીમારોને પકડીને બંધક બનાવવામાં આવ્યા છે. પાકિસ્તાની મરીન એજન્સીના જવાનો ભારતીય સીમામાં ઘૂસીને પણ માછીમારોને પકડતા હતા. તેઓ માછીમારોને બંધક બનાવીને વર્ષો સુધી પાકિસ્તાનની જેલમાં રાખે છે. ત્યારે હવે ફરીથી પાકિસ્તાનની નાપાક હરકત સામે આવી છે. મધદરિયેથી પાકિસ્તાન મેરીટાઈમ સિક્યોરિટી એજન્સીએ ૯ માછીમારો સાથે દેવભૂમિ દ્વારકાની બોટનું અપહરણ કરવાની ઘટના બની છે.

પોરબંદર પાકિસ્તાન મેરીટાઈમ સિક્યોરિટી એજન્સીની નાપાક હરકત સામે આવી છે. આઈએમબીએલ નજીકથી પાકિસ્તાન મેરીટાઈમ સિક્યોરિટી એજન્સીએ ભારતીય બોટનું અપહરણ કર્યુ છે. આ બોટ દેવભૂમિ દ્વારકાની છે. બોટમાં નવ જેટલા માછીમારો સવાર હતા, એ તમામને મેરીટાઈમ એજન્સી ઉપાડીને લઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતને દરિયાનો ખુબ જ મોટો કિનારો મળ્યો છે. જેના કારણે રાજ્યનાં દરિયા કિનારાના લાખો લોકો માછીમાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે. માછીમારી કરવા માટે માછીમારો હંમેશા ભારતીય સીમા છે તેટલા વિસ્તારમાં માછીમારી કરતા હોય છે. જો કે પાડોશી પાકિસ્તાન વારંવાર આ માછીમારોનું બિનકાયદેસર રીતે અપહરણ પણ કરતું હોય છે. ત્યારે પાકિસ્તાને ફરી પોતાની નાપાક હરકત કરીને ભારતીય માછીમારોને પકડ્યા છે.

## કાતિલ ઠંડીના ભરડામાં ઉત્તર ભારત, અતિ ગાઢ ધુમ્મસથી લોકોની મુશ્કેલી વધી, અનેક ટ્રેનો રદ

નવીદિલ્હી,

ગુજરાતમાં જ્યાં ડિસેમ્બરના અંતે પણ ઠંડી હજુ જોઈએ તેવી જામી નથી, ત્યાં ઉત્તર ભારતમાં ઠંડી કહેર વરસાવી રહી છે. કોલ્ડવેવથી મોટાભાગનાં રાજ્યો ઠરી ગયા છે. અતિ ગાઢ ધુમ્મસથી લોકોની મુશ્કેલી વધી છે.. અનેક ટ્રેનો રદ થતાં યાત્રિકો અટવાઈ પડે છે. આગામી ૧૫ દિવસ સુધી ઉત્તર ભારતને આ સ્થિતિમાંથી રાહત મળે તેવી શક્યતા નથી.

સામાન્ય રીતે ગાઢ ધુમ્મસના આવા દ્રશ્યો પહાડી પ્રદેશોમાં જોવા મળતા હોય છે, જો કે આ દ્રશ્યો પહાડોના નહીં, પણ ઉત્તર ભારતના મેદાની ભાગોનાં છે.

જ્યાં ધુમ્મસ એટલું ગાઢ બન્યું છે કે અમુક ફૂટથી દૂર જોવું મુશ્કેલ બની જાય છે. સવારથી જ અતિ ગાઢ ધુમ્મસનું સામ્રાજ્ય છવાઈ જાય છે. ધૂળનું તોફાન ફરી વળ્યું હોય તેવા દ્રશ્યો સર્જાય છે..દિવસે પણ હેડલાઈટ ચાલુ રાખીને વાહનો ચલાવવા પડ છે. લોકો તાપણાના સહારે છે.

દ્રશ્યતા ઘટી જતાં ઘણી ટ્રેનો રદ કરવી પડી છે, ઘણી ટ્રેનો મોડી ચાલી રહી છે..દિલ્લી એરપોર્ટ પર ફ્લાઈટોનો કાર્યક્રમ પણ ખોરવાઈ ગયો છે. યાત્રિકોએ કલાકો સુધી રેલવે સ્ટેશન અને એરપોર્ટ પર રાહ જોવી પડે છે.

આ ધુમ્મસ કાતિલ ઠંડીનું પરિણામ છે. સમગ્ર ઉત્તર ભારત અત્યારે કોલ્ડવેવની ઝપેટમાં છે. લોકો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. કાતિલ ઠંડીને કારણે લોકોની મુશ્કેલી વધી છે. લોકો કામ સિવાય ઘરની બહાર નીકળવાનું ટાળે છે. વાહનચાલકોની હાલત સૌથી કફોડી છે. ધુમ્મસને કારણે અકસ્માતોની વણઝાર પણ સર્જાઈ રહી છે.

પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્લી અને ઉત્તર પ્રદેશમાં ૩૧મી ડિસેમ્બર સુધી કોલ્ડ ડે રહેવાની આગાહી છે, આ રાજ્યો ઉપરાંત ઉત્તર રાજસ્થાન અને બિહારમાં ૩૧મી ડિસેમ્બર સુધી અતિ ગાઢ ધુમ્મસ છવાઈ રહેશે. જમ્મુ કાશ્મીર પણ કાતિલ ઠંડીની પકડમાં છે. શ્રીનગરમાં તાપમાન માઈનસમાં ઉતરી ગયું છે. ડલ તળાવનું પાણી થીજી જવાના આરે છે. ઠંડીમાં પણ પ્રવાસીઓ શ્રીનગર આવી રહ્યા છે.

લોકોને નજીકના સમયમાં કડકડતી ઠંડીથી રાહત નહીં મળે, કેમ કે હવામાન વિભાગે આગામી બે સપ્તાહ સુધી કોલ્ડવેવ યથાવત્ રહેવાની આગાહી કરી છે. ૫ જાન્યુઆરી બાદ પંજાબ, હરિયાણા અને દિલ્લીમાં ૯૮થી ૧૦૦ ટકા સુધી શીતલહેરનું અનુમાન છે. જ્યારે યુપી, એમપી અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં ૩૪થી ૬૭ ટકા શીતલહેરનું અનુમાન છે. દેશના બાકીના ભાગોમાં બે સપ્તાહ સુધી શીતલહેરની કોઈ આગાહી નથી.

ઉત્તર ભારતના અન્ય રાજ્યો જ્યાં ધુમ્મસની પકડમાં છે, ત્યારે દિલ્લીમાં ધુમ્મસની સાથે પ્રદૂષણ ભળી જતાં લોકો માટે શ્વાસ લેવાનું પણ મુશ્કેલ બન્યું છે. ભાજપના કાર્યકરોએ મોઢા પર માસ્ક અને હાથમાં ઓક્સિજન સિલિન્ડર સાથે દિલ્લી સરકાર સામે વિરોધ નોંધાવ્યો..ભાજપે પ્રદૂષણના મોરચે દિલ્લી સરકાર પર નિષ્ફળ રહેવાનો આક્ષેપ કર્યો છે. ઉત્તર ભારતના લોકો કાતિલ ઠંડીમાંથી રાહત મળવાની રાહ જોઈ રહ્યા છે. જો કે ઉત્તરાયણ સુધી તેની શક્યતા ઓછી છે.

## ગુજરાતનાં બજેટમાં શિવરાજપુર બીચને લઈને મોટું એલાન થઈ શકે છે

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાનું ચોથું સત્ર ૧ ફેબ્રુઆરી થી ૨૯ ફેબ્રુઆરી સુધી સમગ્ર મહિના દરમ્યાન ચાલશે. જેમાં વિધાનસભામાં રાજ્ય સરકાર બજેટ રજૂ કરશે. જ્યારે કામકાજના કુલ ૨૪ દિવસોમાં કુલ ૨૬ બેઠકો મળશે. આ તરફ હવે સમાચાર સામે આવ્યા છે કે, દ્વારકાના શિવરાજપુર બિચ પર એક્વેરિયમ બનાવવા રાજ્ય સરકારની વિચારણા છે. મહત્વનું છે કે, દ્વારકાના દરિયાની અંદર એક્વેરિયમ બનાવવા માટે વિચારણા છે. દ્વારકાને ટૂંક સમયમાં એક મોટી ભેટ મળે તેવી શક્યતા છે. વાત જાણે એમ છે કે, અમદાવાદમાં સાયન્સસિટી ખાતે આવેલ એક્વેરિયમમાં પ્રવાસીઓ દરિયામાં જળચર પ્રાણીઓ જોઈ શકે છે. જોકે હવે દ્વારકાના શિવરાજપુર બિચ પર એક્વેરિયમ બનાવવા રાજ્ય સરકારની વિચારણા હોવાનું સામે આવ્યું છે. જેથી હવે ટૂંક સમયમાં પ્રવાસીઓ દરિયામાં જળચર પ્રાણીઓ જોઈ શકે તે માટે નિર્ણય લેવાઈ શકે છે. જેને લઈ આગામી બજેટમાં જાહેરાત થઈ શકે છે. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગુજરાત વિધાનસભાના ચોથા સત્રનું આહવાન કર્યુ છે. જેથી ગુજરાત વિધાનસભાનું ચોથું સત્ર ૧ ફેબ્રુઆરી થી ૨૯ ફેબ્રુઆરી સુધી સમગ્ર મહિના દરમ્યાન ચાલશે. જેમાં વિધાનસભામાં રાજ્ય સરકાર બજેટ રજૂ કરશે. જ્યારે કામકાજના કુલ ૨૪ દિવસોમાં કુલ ૨૬ બેઠકો મળશે. વિધાનસભાના ચોથા સત્રને લઈને વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી જણાવ્યું હતું કે આગામી ૧ ફેબ્રુઆરીથી ગુજરાત રાજ્ય વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થશે. જેથી વિધાનસભા બજેટ સત્રને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં બીજી ફેબ્રુઆરીના રોજ બજેટ વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવશે. રાજ્યપાલના સંબોધન ઉપર ત્રણ દિવસ ચર્ચા ચાલશે. ચાર દિવસ બજેટ ઉપર સામાન્ય ચર્ચાઓ થશે. જ્યારે ૧૨ દિવસ વિવિધ વિભાગની માંગણીઓ પર ચર્ચા થશે. આમ સમગ્ર ફેબ્રુઆરી માસ દરમ્યાન વિધાનસભા સત્ર ચાલશે.

## હનુમાન ચાલીસા સાથે અયોધ્યાની પ્રથમ ફ્લાઈટે ભરી ઉડાન, પાયલટે લગાવ્યા જય શ્રી રામના નારા



નવીદિલ્હી,

પીએમ મોદીએ અયોધ્યાના ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેર્યો છે. ૩૦ ડિસેમ્બરના રોજ, તેમણે મહર્ષિ વાલ્મિકી આંતરરાષ્ટ્રીય હવાઈમથકનું ઉદ્‌ઘાટન કર્યુ હતું, ત્યારબાદ અયોધ્યા માટે ઈન્ડિગોની પ્રથમ ફ્લાઈટ દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઉપડી હતી.

પરંતુ ફ્લાઈટ પહેલા ફ્લાઈટમાં એક એવો ખાસ નજારો જોવા મળ્યો, જેને જોઈને દરેક વ્યક્તિ ભગવાન શ્રી રામની ભક્તિમાં તલ્લીન થઈ જવા મજબૂર થઈ ગયા હતા.

મહત્વનું છે કે, આ ફ્લાઈટ ઉડતા પહેલા હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવ્યો હતો, જેણે દરેકને ભક્તિમાં લીન કરી દીધા હતા. આ મનોહર દ્રશ્ય ઉડાન પહેલાનું હતું. તમને જણાવી દઈએ કે, પાયલટ આશુતોષ શેખરે આ ફ્લાઈટની કમાન સંભાળી હતી અને તેમણે જય શ્રી રામના નારા સાથે મુસાફરોનું સ્વાગત કર્યુ હતું.તેમણે આ ઐતિહાસિક ક્ષણનો ભાગ બનવા બદલ દરેકનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. કેપ્ટન શેખરે કહ્યું કે આજનો દિવસ તેમના માટે પણ ખૂબ જ ગર્વનો દિવસ છે, કારણ કે તેમને આ ફ્લાઈટનું નેતૃત્વ કરવાની જવાબદારી મળી છે.

ટ્વિટર પર વાયરલ થઈ રહેલા આ વીડિયો પર ઘણા યુઝર્સે પોતાની પ્રતિક્રિયાઓ પણ આપી છે. આવી સ્થિતિમાં એક યુઝરે લખ્યું કે આ ફ્લાઈટમાં બેઠેલા દરેક વ્યક્તિએ ઘણું પુણ્યનું કામ કર્યુ હશે. ત્યારે અન્ય એક યુઝરે લખ્યું કે જય શ્રી રામના નારાથી સમગ્ર વાતાવરણ ભક્તિથી ભરાઈ ગયું છે.

## રશિયાના રાષ્ટ્રપતિ પુતિને મોદીને નવા વર્ષની શુભેચ્છા પાઠવી, 'કહ્યું- ભારત-રશિયા સતત આગળ વધી રહ્યા..'



નવીદિલ્હી,

૨૦૨૩નો આજે છેલ્લો દિવસ એટલે કે ૩૧મી ડિસેમ્બર છે. આવતી કાલથી નવું વર્ષ ૨૦૨૪ શરુ થઈ જશે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ભારતના રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી છે. રશિયન રાષ્ટ્રપતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વૈશ્વિક સંજોગો વધુને વધુ પડકારરૂપ બની રહ્યા હોવા છતાં, રશિયા અને ભારત વચ્ચેના સંબંધો આગળ વધી રહ્યા છે.

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધતા તેમણે કહ્યું કે મુશ્કેલ વૈશ્વિક સંજોગો છતાં, રશિયા અને ભારત વચ્ચે ચાલી રહેલી ભાગીદારી ગતિશીલ રીતે આગળ વધી રહી છે. પુતિને નવી દિલ્હીમાં આયોજિત શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન અને ય્૨૦માં ભારતના પગલાંની પ્રશંસા કરી હતી. તેમણે ભારતના નેતૃત્વની પણ પ્રશંસા કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે મોસ્કો અને નવી દિલ્હી વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો સતત આગળ વધશે.

ત્રણ દિવસ પહેલા પુતિને કહ્યું હતું કે પીએમ મોદી રશિયા-યુક્રેન વિવાદને શાંતિપૂર્ણ માધ્યમથી ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છે. અમે મોદીના વલણને સમજીએ છીએ. અમે ઘણા પ્રસંગોએ આનો વારંવાર ઉલ્લેખ કર્યો છે. હું જાણું છું કે તે આ મુદ્દાને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યો છે. અમે આ વિશે ઊંડાણમાં વાત કરીશું. તેમણે ભારત-રશિયા સંબંધો માટે આભાર વ્યક્ત કર્યો હતો.

## ઉત્તર કોરિયાના કિમ જોંગે સૈન્ય જાસૂસી સેટેલાઈટ લોંચ કર્યો, દક્ષિણ કોરિયાને ધમકી આપી

ઉત્તરકોરિયા,

ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉન આગામી વર્ષે ત્રણ વધુ સૈન્ય જાસૂસી સેટેલાઈટ લોંચ કરવાની યોજના બનાવી રહ્યો છે. કોરિયન મીડિયા તરફથી મળતા રિપોર્ટ પ્રમાણે ગત મહિને ઉત્તર કોરિયાએ સફળતાપૂર્વત પોતાનો પ્રથમ સૈન્ય જાસૂસી સેટેલાઈટ લોંચ કર્યો હતો.

પોતાની સેનાને વધુ મોર્ડન અને અપગ્રેડેડ બનાવવાના હેતુથી કોરિયા આ સૈન્ય જાસૂસી સેટેલાઈટને લોંચ કરવાની તૈયારી કરી રહ્યો છે. કિમ જોંગ ઉને કોરિયાની સેન્ટ્રલ કમિટીના પાંચ સભ્યોની બેઠક દરમિયાન એવો ટાર્ગેટ રાખ્યો હતો. આ ઉપરાંત ગત મહિને ઉત્તર કોરિયાએ એવો દાવો કર્યો હતો કે, તેને પોતાના સૈન્ય સેટેલાઈટથી અમેરિકા અને દક્ષિણ કોરિયાના સૈન્ય ઠેકાણાઓની ઈમેજ લીધી છે.

ગત ૨૧ નવેમ્બરે કોરિયાએ પોતાના સૈન્ય જાસૂસી સેટેલાઈટ મલિંગયોંગ-૧નું સફળતાથી અવકાશમાં સફળ લોંચિંગ કર્યુ હતું. આ અગાઉ મે અને ઓગસ્ટમાં આનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. આ સફળતાથી ઉત્સાહમાં આવેલા કિમ જોંગે આગામી વર્ષે ત્રણ વધુ સૈન્ય જાસૂસી સેટેલાઈટ અવકાશમાં તરતા મુકવાની યોજના બનાવી છે. રિપોર્ટ પ્રમાણે કિમ જોંગે બોલાવેલી બેઠકોમાં જણાવ્યું હતું કે, આપણે પરમાણુ ખતરા પર તરત રિએક્શન આપવું જોઈએ. તમામ તૈયારીઓ વધારવી જોઈએ જેથી દક્ષિણ કોરિયાને પોતાના કાબૂમાં લઈ શકીએ.

કોરિયન તાનાશાહે અનમેન્ડ આર્મ્ડ એરિયલ વ્હીકલને પણ વિક્સિત કરવાની જરૂરિયાત કહી હતી. કિમે કહ્યું કે કોરિયાને હવે એક થવા પર સહમત નથી. દક્ષિણ કોરિયાના ઉત્તર કોરિયાથી જોડવું હવે શક્ય નથી. આનાથી સાફ થઈ જાય છે કે, બંને દેશોના સંબંધો આ વર્ષે તણાવપૂર્ણ રહી શકી છે. ઉત્તર કોરિયા પોતાના પરમાણુ મિસાઈલોના વિકસિત કરવા પર ધ્યાન કરી રહ્યું છે. કિમે ધમકી આપતા કહ્યું કે, જો અમેરિકા અને દક્ષિણ કોરિયા અમારી વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી કરશે તો અમે પરમાણુ હુમલા કરવાથી પાછા નહિ પડીએ.

## મુંબઈમાં નવા વર્ષ નિમિત્તે રેવ પાર્ટી યોજાઈ, ૧૦૦થી વધુ યુવાનોની અટકાયત

મુંબઈ,

નવા વર્ષની ઉજવણી પહેલા જ પોલીસે મુંબઈને અડીને આવેલા થાણેમાં રેવ પાર્ટીનો પર્દાફાશ કર્યો છે. થાણે પોલીસની ક્રાઈમ બ્રાન્ચની ટીમે આ પાર્ટી વિરુદ્ધ કાર્યવાહી કરી અને ૧૦૦થી વધુ યુવકોની અટકાયત કરી. ૧૦૦થી વધુ યુવાનોની અટકાયત કર્યા બાદ પોલીસે તેમની મેડિકલ તપાસ હાથ ધરી છે. આ લોકો પર આ રેવ પાર્ટીમાં ડ્રગ્સ લેવાનો આરોપ છે. પોલીસે રાત્રે લગભગ ૨ વાગ્યે આ દરોડો પાડ્યો હતો જેમાં એલએસડી, ચરસ, ગાંજા જેવા ડ્રગ્સ પણ મળી આવ્યા હતા.

આ રેવ પાર્ટીનું આયોજન મુંબઈને અડીને આવેલા થાણેના ઘોડબંદર રોડ પર કરવામાં આવ્યું હતું. રેવ પાર્ટીમાં યુવકો ઉપરાંત ૧૨ યુવતીઓની પણ અટકાયત કરવામાં આવી છે. ઝડપાયેલા મોટાભાગના યુવાનો ડ્રગ્સનું સેવન કરતા હતા.આ પાર્ટી એક ખાનગી પ્લોટમાં ચાલી રહી હતી અને આ પાર્ટીમાં એલએસડી, ચરસ, ગાંજા સાથે ચિલ્લુમ, દારૂ જેવા અનેક નશીલા પદાર્થો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. આ રેવ પાર્ટીનો માસ્ટર માઈન્ડ કલવા ડોમ્બિવલી વિસ્તારનો રહેવાસી છે. પોલીસે રેવ પાર્ટીમાં ભાગ લેનારા લોકોના ૧૯ ટુ-વ્હીલર પણ જપ્ત કર્યા છે. ધરપકડ કરાયેલા તમામ લોકોને મેડિકલ તપાસ માટે થાણે સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

## મુંબઈ પોલીસને આવ્યો ધમકી ભર્યો ફોન, તમામ પોલીસ સ્ટેશન અને ક્રાઈમ યુનિટને કરાયા એલર્ટ





મુંબઈ,

મુંબઈ પોલીસને ફરી એકવાર ધમકી ભર્યો ફોન કોલ આવ્યો છે. મુંબઈમાં બ્લાસ્ટ કરવાની ધમકી આપી શખ્સે ફોન કટ કરી દીધો હતો. તો નવા વર્ષની ઉજવણીને લઈને પોલીસે બંદોબસ્ત ગોઠવ્યો છે. તેમજ તમામ પોલીસ સ્ટેશન અને ક્રાઈમ યુનિટને એલર્ટ કરાયા છે. પોલીસ ફોન કોલ બાદ તપાસ કરી છે. પરંતુ હજુ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. તો ફોન કરનાર વ્યક્તિ અંગે પોલીસ તપાસ કરી છે.

તો આ અગાઉ મુંબઈમાં આવેલી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ની ઓફિસ પર એક ધમકી ભર્યો ઈમેલ આપ્યો હતો.તેમાં RBI ઓફિસ ઉપરાંત HDFC બેંક અને ICICI બેંક સહિત ૧૧ સ્થળોને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી.આ ઈમેલમાં એવું લખાણ હતું કે RBI ગવર્નર શક્તિકાંત દાસ અને નાણા મંત્રી નિર્મલા સીતારમણના રાજીનામાની માગ કરવામાં આવી હતી. અને બપોરે ૧:૩૦ વાગ્યે બોમ્બ વિસ્ફોટ થશે તેવી ધમકી આપવામાં આવી હતી.

## પવન કલ્યાણે પીએમ મોદીને લખ્યો પત્ર, ૩૫૧૪૧ કરોડના કૌભાંડનો આરોપ



નવીદિલ્હી,

અભિનયથી રાજકારણમાં આવેલ અને જનસેના પાર્ટીના સ્થાપક પવન કલ્યાણે શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને વાયએસ જગન મોહન રેડ્ડીની આગેવાની હેઠળની આંધ્રપ્રદેશ સરકાર પર ગરીબોને જમીન ફાળવવા અને આવાસ યોજનાના નામે મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાનો આરોપ લગાવ્યો છે. જનસેના પ્રમુખ પવન કલ્યાણએ પત્ર લખીને કહ્યું છે કે જમીન સંપાદનના નામે છેતરપિંડી એટલા મોટા પ્રમાણમાં છે કે સત્તાધારી પક્ષના એક ધારાસભ્ય પોતે રાજ્ય તકેદારી અને અમલ વિભાગને તપાસની માંગ કરી રહ્યા છે.

કલ્યાણએ દાવો કર્યો છે કે જમીનની કિંમત કૃત્રિમ રીતે વધારવામાં આવી હતી, પરંતુ માલિકોને નામ માત્રની ચુકવણી કરવામાં આવી છે જ્યારે YSRCP નેતાઓએ બાકીના પૈસા તેમના ખિસ્સામાં મૂકી દીધા છે. કલ્યાણએ અન્ય ઘણી બધી ગેરરીતિઓ પણ થઈ હોવાનું જણાવ્યું હતું. કલ્યાણએ પત્રમાં મુદ્દાઓને લઈને વધુ જાણકારી આપી છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કેન્દ્રીય તપાસ એજન્સીઓ પાસે યોગ્ય કાર્યવાહી કરાવવા માંગ કરી છે. તેમજ તેમણે ઉચાપત કરવામાં આવેલ રકમ વસૂલ કરીને દોષિયોને સજા અપાવવા માટે પણ વિનંતી કરી છે.

### બાલાસિનોર ખાતે અંદાજીત રૂ.૧૦૨૪.૯૪ લાખના ખર્ચે

# પોલીસ આવાસો કક્ષા બી-૫૬ તથા ડી-૦૨ આવાસોનું ગૃહ રાજ્ય મંત્રીની ઉપસ્થિતિમાં લોકાર્પણ

મહીસાગર,

મહીસાગર જીલ્લામાં અંદાજીત ૩.૫૯ કરોડના ખર્ચે નિર્માણ પામેલ લુણાવાડા એસ. ટી ડેપો- વર્કશોપનું લોકાર્પણ, ૨૫ નવી એસ ટી બસને લીલી ઝંડી અને બાલાસિનોર ખાતે અંદાજીત ૧૦૨૪.૯૪ લાખના ખર્ચે કક્ષા બી -૫૬ તથા ડી-૦૨ પોલીસ આવાસોનું લોકાર્પણ કાર્યક્રમ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં



કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, આ નવી ૨૫ બસ થકી આ વિસ્તારના નાગરિકોના સેવામાં વધારો થશે અને ખાસ કરી યુવાન વિદ્યાર્થી કે જેઓ રોજ બસમાં મુસાફરી કરી પ્રવાસે જતા હોય છે તેઓને પ્રવાસમાં સરળતા રહેશે. છેલ્લા એક વર્ષમાં ગુજરાત સરકાર દ્વારા ૧૨૦૦ થી વધારે બસનું લોકાર્પણ કરવામાં આવ્યું છે અને આવનારા ૧૦ મહિના સુધી દર મહિને ૨૦૦ બસો લોકોની સેવા માટે ઉપલબ્ધ કરાશે. આ દરેક બસને સ્વચ્છ રાખવાની જવાબદારી સૌ નાગરિકોની છે માટે જ્યાં ત્યાં કચરો ફેકી ગંદકી ફેલાવવી ના જોઈને અને સ્વચ્છતા રાખી સ્વચ્છ સમાજનું નિર્માણ કરવું જોઈએ.

વધુમાં મંત્રીએ જણાવ્યું કે, બાલાસિનોર ખાતે પોલીસ આવાસો નવીન બનેલ મકાનોમાં જે લોકોને પ્રવેશ કરવાનો અવસર પ્રાપ્ત થાય એ સૌ લોકો સરકારી ઘર નહિ પણ પોતાના સપનાનું ઘર સમજી પોતાનું ઘર હોઈ તેમ સ્વચ્છ રાખે એવો અનુરોધ કર્યો હતો. વધુમાં કહ્યું હતું કે, ગુજરાતની શાંતિ, સુરક્ષા અને કાયદાના રક્ષક એવા પોલીસ કર્મીઓ તથા તેમના પરિવારોને ઉત્તમોત્તમ આવાસ સુવિધા મળી રહે તે દિશામાં રાજ્ય સરકાર નિષ્ઠાપૂર્ણ રીતે કાર્ય કરી રહી છે. રાજ્યમાં નાગરિકોની સુરક્ષા અને હિત માટે સતત તૈનાત એવા આપણા કર્મીઓ અને તેમના પરિવારોની સુખાકારી અને કલ્યાણ વિચારવું એ રાજ્ય સરકારનું પ્રાથમિક કર્તવ્ય છે .ગુજરાતમાં રોડ અકસ્માત મૃત્યુ કઈ રીતે ઘટાડી શકાય તે માટે અભિયાન ચાલી રહ્યું છે અને તે અંતર્ગત મહીસાગર જીલ્લામાં ૨૦૨૨ માં ૧૧૨ અકસ્માત થયા હતા અને તેની સરખામણીમાં ચાલુ વર્ષે ૨૦૨૩ માં જીલ્લામાં ૮૦ અકસ્માતના બનાવ બન્યા હતા તે ચાલુ વર્ષે ૩૨ જેટલા ઓછા અકસ્માતના બનાવ બનતા મહીસાગર જીલ્લા પોલીસને અભિનંદન પાઠવ્યા હતા.

શિક્ષણ મંત્રી, ગૃહરાજ્ય મંત્રી, ઉપસ્થિત સાંસદ, ધારાસભ્ય તથા જીલ્લાના ટોચના અધિકારીઓ સહિત સો દ્વારા ૨૫ નવી બસોને લીલીઝંડી મળ્યા બાદ તેમાંની જ એક બસમાં બેસી એક ટુંકી મુસાફરી કરવામાં આવી હતી જે દરમ્યાન રસ્તામાં અચાનક જ ગૃહ રાજ્યમંત્રી દ્વારા બસને ચાની લારી પર થોભાવી એક સામાન્ય જનની માફક ચાની ચુસ્કી સાથે ઉપસ્થિત સર્વે સાથે વાર્તાલાપ કરવામાં આવ્યો. આ પ્રસંગે જીલ્લા પંચાયતના પ્રમુખ બાબુભાઈ પટેલ, પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ, બાલાસિનોર ધારાસભ્ય માનસિંહ ચૌહાણ, મોરવા હડફ ધારાસભ્ય નિમિષાબેન સુથાર, જીલ્લા કલેકટર ભાવિન પંડ્યા, રેન્જ આઈ જી આર. વી. અસારી, પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા,અગ્રણી દશરથભાઈ બારીયા, પૂર્વ ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, પોલીસ અને એસ ટી વિભાગના કર્મચારીઓ સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડા ખાતે શિક્ષણ મંત્રીની અધ્યક્ષતામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

લુણાવાડા,

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ લાભ છેવાડાના ગ્રામજનો સુધી પહોચે તેવા આશયથી મહીસાગર જીલ્લાના લુણાવાડા જવાહર ગાર્ડન ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષતામાં અને પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડની પ્રેરક ઉપસ્થિતિ વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ હતી. લુણાવાડા ખાતે યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. સરકારની વિવિધ યોજનાના સ્ટોલ્સ દ્વારા ગ્રામજનોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી તેમજ નવા લાભાર્થીઓની નોંધણી કરવામાં આવી હતી.

આ અવસરે મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરએ જણાવ્યું હતું કે, દેશનો કોઈ પણ નાગરિક સરકારની જનકલ્યાણકારી કલ્યાણકારી યોજનાઓના લાભોથી વંચિત ન રહી જાય માટે સંકલ્પ યાત્રા યોજાઈ રહી છે. છેવાડાના ગરીબ, મધ્યમ વર્ગના લોકોના હિત માટે સરકાર



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

હરહંમેશા પ્રયત્નશી રહી છે. સરકારની યોજનાઓ આમ જનતા માટે બની છે, જેથી વધુમાં વધુ લોકોએ તેનો લાભ લેવો જોઈએ.

સરકારની કલ્યાણકારી યોજનાઓનો ૧૦૦ ટકા નાગરિકો લાભ મેળવે તેવા આશયથી વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગામે-ગામ ફરી રહી છે એમ જણાવી વધુમાં તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનએ ઝીરો બેલેન્સમાં જનધન યોજના થકી નાના લોકોને બેન્કિંગ સેવા પૂરી પાડવાના સંકલ્પ સાથે દેશભરમાં ૫૦ કરોડ લોકોના બેંકમાં ખાતા ખોલવામાં આવ્યા છે, જેમાં રૂ.બે લાખ કરોડની ડિપોઝીટ જમા થઈ છે. જે ભારતના વિકાસને વેગ આપવામાં મોટું યોગદાન આપી રહી છે.

આ પ્રસંગે સાંસદ રતનસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, પ્રજાજનોને સરકારની વિવિધ યોજનાઓની માહિતી પુરી પાડવા તેમજ જરૂરિયાતમંદ લાભાર્થીઓને લાભાન્વિત કરવા માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રા આગવું માધ્યમ બની છે. સરકારે ગરીબ-મધ્યમવર્ગીય નાગરિકોના જનધન યોજના હેઠળ બેંક ખાતા ખોલાવી ગંગાસ્વરૂપા, કિસાન સન્માન નિધિ, શિષ્યવૃત્તિ સહાય જેવી અનેક આર્થિક સહાય કોઈ પણ વચેટિયા વિના સીધા બેંક ખાતામાં જ આપવાની પારદર્શી વ્યવસ્થા કરી છે. તેમણે આ યાત્રાથી લોકોને ઘરઆંગણે વિવિધ યોજનાઓના લાભો આપવામાં આવતા હોવાનું યોજનાઓના બાકી રહેલા લાભાર્થીઓ સત્વરે યાત્રાની જનસેવાનો લાભ ઉઠાવે એમ કહ્યું હતું.

આ પ્રસંગે મંત્રી, મહાનુભાવોને હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરાયું હતું. સાથે ઉપસ્થિત સૌએ આત્મનિર્ભર ભારત અને વિકસિત રાષ્ટ્રનિર્માણની પ્રતિજ્ઞા લીધી હતી.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, અધિક નિવાસી કલેકટર સી વી લટા,યાત્રા ઈન્ચાર્જ મૂળજીભાઈ રાણા, પાલિકાના પૂર્વ પ્રમુખો,અગ્રણી પ્રદીપસિંહ રાઠોડ, પ્રાંત અધિકારી, નગરપાલિકાના વહીવટદાર, આરોગ્ય સ્ટાફ, આંગણવાડી વર્કર, તેડાગર, સખી મંડળની બેહેનો સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જીલ્લામાં ૧૦૮ને વર્ષ દરમિયાન વિવિધ મળેલા કેસની વિગત હાર્ટ એટેકના કુલ ૬૯૧ કેસ સામે આવ્યા



લુણાવાડા,

મહીસાગર જીલ્લામાં વર્ષ દરમિયાન કુલ કેસ ૨૦,૬૫૭ આવ્યા સૌથી વધુ કેશ પ્રસુતિના ૯,૬૮૦ કેસ ઈમરજન્સી વાહનોમાં નોંધાયા મહીસાગરમાં ૧૦૮ ઈમરજન્સીની ૧૩ એમ્બ્યુલન્સ કાર્યરત છે. માત્ર પંદર થી વીસ મિનિટમાં પહોંચી જયને અનેક દર્દીઓના જીવ બચાવ્યા તહેવારોમા સમય ગાળામાં દરમિયાન અકસ્માત તથા દાઝી જવાના કિસ્સોમાં ૪૦ થી ૭૦ ટકા સુધીનો વધારો પણ નોંધાય છે. વર્ષ દરમિયાન મહિસાગર જીલ્લામાં ૧૦૮ ને મળેલ કેસ પેટમાં દુખાવો-૨૧૪૬, એલર્જી-૩૮, વર્તણુક ગુણ સમસ્યા-૧૨, શ્વાસની તકલીફ-૮૮૪, છાતીમાં દુખાવો-૬૯૧,ખેંચ આવવી-૩૦૦, ડાયાબિટીસ-૧૧૨, પર્યાવરણ સમસ્યા -૦૪ વધુ તાવ-૧૦૨૦, ઝેર પોઈજન-૪૧૧, ડિલિવરીનો દુખાવો-૯૬૭૯, માથાનો દુખાવો-૪૭ લખવો, ૬૪-નોન વિકલહ અકસ્માત, ૨૦૪૧- વ્હીકલ અકસ્માત, ૨૦૬૦ અન્ય સમસ્યા - ૧૧૪૮ કુલ ટોટલ ૨૦૬૫૭ કેશની સંખ્યા સામે આવી હતી. આમ, મહીસાગર જીલ્લામાં એમ્બ્યુલન્સની ઉત્તમ કામગીરી સામે આવતા ઉપર મુજબ દર્દીઓનો જીવ બચાવવામાં મહીસાગર જીલ્લાની ટીમ ખડેપગે કામગીરી કરવામાં સફળ રહ્યા છે.

## કન્યા શાળાના બાળકોને એમ્બ્યુલન્સની વિવિધ માર્ગદર્શન આપતા સંતરામપુર એમ્બ્યુલન્સની ટીમ

મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકામાં આવેલા કન્યા શાળામાં ૧૦૮ના કર્મચારીઓ દ્વારા નાના બાળકોને ૧૦૮ને લગતી દરેક પ્રવૃત્તિઓથી વાકેફ કરવામાં આવ્યા હતા. ત્યારે પાયલોટ તેમજ ડોક્ટરની ટીમ દ્વારા ૧૦૮ને લગતી વિવિધ પ્રવૃત્તિઓ માં વાકેફ કરી અને વિવિધ જાણકારી આપતી હતી. આમ, શાળાના બાળકો દ્વારા વિવિધ પ્રવૃતિઓ બતાવવામાં બાળકો પોતાની આસપાસ બનતી ઘટનાઓ પ્રવૃત્તિઓમા ભવિષ્યમાં સહભાગી બનવામાં સરળતા રહે અને આ માર્ગદર્શન મળવાથી બાળકો અને શિક્ષકો પણ ખુશીમાં જોવા મળ્યા હતા. ત્યારે સારી કામગીરી કરવા બદલ સંતરામપુર એમ્બ્યુલન્સની ટીમને અભિનંદન આપ્યા હતા. શાળાના શિક્ષકોએ અને આભાર માન્યો હતો.

## આપની આજ.......

મેષ : ગણેશજી કહે છે, જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે. વ્યવસાયની દિશામાં કરવામાં આવેલા સકારાત્મક પરિવર્તનથી તમને સફળતા મળશે અને વિરોધીઓની વાતોથી તમને મુક્તિ મળશે.

વૃષભ : ગણેશજી કહે છે, આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે. પ્રતિકૂળ સંજોગોમાં પણ તમારો સ્વભાવ પ્રેરણાદાયક રહેશે. ધંધામાં પૈસા મળવામાં મુશ્કેલી આવી શકે છે.

મિથુન : ગણેશજી કહે છે, આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો આજે અપાયેલા પૈસા પાછા આવવાની સંભાવના ઓછી રહેશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા આપતી વખતે થોડી અસુવિધા થઈ શકે છે.

કર્ક : ગણેશજી કહે છે, અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઈઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે. પારિવારિક સંપત્તિ વધશે અને વિરોધી પરાજિત થશે.

સિંહ : ગણેશજી કહે છે, કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે. તમને શાસન સત્તાનો ટેકો મળશે અને ભવિષ્યમાં તમને તેમનો સારો લાભ મળશે. લાંબા સમય પછી કોઈ જૂના મિત્રને મળશો.

કન્યા : ગણેશજી કહે છે, તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તડમારું વર્ચસ્વ વધશે. હવામાન બદલાતું રહે છે, તેથી તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખો.

તુલા : ગણેશજી કહે છે, ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઈફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે. તમારા ભાઈની આર્થિક સ્થિતિ મજબૂત રહેવાથી તમે ખુશ થશો અને તમારો ભાર પણ ઓછો થશે. બેરોજગાર લોકોને રોજગાર મળે તેવી સંભાવના છે.

વૃશ્ચિક : ગણેશજી કહે છે, વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે. જરૂરી કાર્યો પૂરા કરવા માટે અન્યનો સહકાર લેવામાં તમે સફળ થશો. ક્ષેત્રમાં તમારા પ્રોજેક્ટની વહેલી પૂર્ણતા તમારી અસરકારકતા અને તેજ વધારશે.

ધન : ગણેશજી કહે છે, વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઈચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે. સાંજે કોઈ પણ જોખમી કાર્યથી દૂર રહેવું.

મકર : ગણેશજી કહે છે, લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે. ક્ષેત્રમાં તમારી સ્થિતિ અને પ્રતિષ્ઠા વધશે.

કુંભ : ગણેશજી કહે છે, ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે. પરિવારને સમાધાન માટે સમય મળી શકશે. સાંજે મિત્રો સાથે મનોરંજનની તકો મળશે.

મીન : ગણેશજી કહે છે, તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે. સાસરિયાઓની તરફેણમાં કોઈની સાથે મતભેદ થઈ શકે છે, પરંતુ તમને તમારા જીવનસાથી તરફથી પૂરો સહયોગ મળશે.

# દાહોદ ખાતે આદિવાસી સમાજ રત્ન સન્માન સમારંભ યોજાયો

દાહોદ,

બિરસા મુંડા ભવન દાહોદ ખાતે તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ આદિવાસી સમાજરત્ન સન્માન સમારંભ બિરસા આદિવાસી સાર્વજનિક ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી વી.એમ.પારગીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. મંત્રી સી.આર. સંગાડાએ સ્વાગત કર્યુ હતું. દાહોદ, પંચમહાલ અને મહીસાગર જીલ્લાના આદિવાસીઓના શૈક્ષણિક, આર્થિક, સામાજીક અને સ્વાસ્થ્યલક્ષી વિકાસ અને ઉત્થાન માટે ખૂબ જ ઉમદા અને ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સમાજના વયોવૃદ્ધ અગ્રણીઓ અને સમાજ સેવકો એવા રાજ્ય સરકારના પૂર્વ મંત્રી લલિતભાઈ પટેલ, પૂર્વ સિવિલ સર્જન ડો.મહેન્દ્રકુમાર ડામોર, પૂર્વ શિક્ષક લલિતાબેન વલવાઈનું ''આદિવાસી સમાજરત્ન'' સન્માનપત્ર, શાલ અને પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન પત્રોનું વાંચન પ્રોફેસર હરિપ્રસાદ કામોલ દ્વારા કરવામાં આવ્યું હતું. આદિવાસી સમાજ રત્નોએ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પ્રાસંગિક ઉદબોધનમાં શુભાષિશ પાઠવ્યા હતા અને ભવનની સમાજલક્ષી પ્રવૃત્તિઓને બિરદાવી હતી. સમાજ રત્ન લલિતાબેન વલવાઈએ તેઓના પ્રકૃતિ વિલિન પતિ નિવૃત્ત ડી.વાય.એસ.પી. સ્વ. બબલભાઈ વલવાઈના નામે ભવનને ૧,૦૦,૧૧૧ (એક લાખ એક સો અગિયાર )રૂપિયાનું દાન આપ્યું હતું. આ ઉપરાંત પ્રકૃતિ વિલિન અન્ય પરિવારજનોના નામે દાન આપ્યું હતું. કુલ મળીને તેઓએ દાહોદ ભવનને ૨,૭૪,૫૫૫ રૂપિયાનું દાન આપ્યું હતું.

આ કાર્યક્રમ નિમિત્તે ભારત આદિવાસી પાર્ટીના નવ નિયુક્ત રાષ્ટ્રીય પ્રવક્તા રાજુભાઈ વલવાઈનું પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. લગ્નમાં ખોટા ખર્ચા અટકાવવા માટે જાગૃતિ રથ લઈને ગામે ગામ ફરી રહેલા પ્રવીણભાઈ પારગી અને એફ.બી. વહોનીયાનું પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. દાહોદ ખાતેથી અન્ય બીજા પ્રચાર રથને પણ પ્રસ્થાન કરાવવા માટે નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત ભીલ સેવા મંડળ, ભીલ સમાજ સુધારણા મંડળ, ભીલ સમાજ સેવા ટ્રસ્ટ, જીવન વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, જન્મભૂમિ ફાઉન્ડેશન જેવા સંગઠનોના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી ભીલ સમાજ પંચની રચના કરવા અંગે ચર્ચા વિચારણા કરી હતી. રાજુભાઈ વસૈયાએ આગામી મહીને ભવન દ્વારા ત્રણ જીલ્લાના આદિવાસી યુવાઓ માટે યોજાનાર જયપાલસિંહ મુંડા આદિવાસી રમતોત્સવ અંગે જાણકારી આપી હતી. અધ્યક્ષ વી.એમ.પારગીએ સમાજના સર્વાંગી વિકાસ અને જાગૃતિ માટે સમાજ રત્નોએ ચીંધેલા માર્ગે આગળ વધવા હાકલ કરી હતી. વધુમાં વધુ લોકોને સામેલ કરવા માટે જણાવ્યું હતું. ગૌરવશાળી ઈતિહાસનું જ્ઞાન નવી પેઢીને આપવા જણાવ્યુ હતુ. ભીલ સમાજ પંચની રચના અંગે માર્ગદર્શન આપ્યું હતું. અંતમાં આભાર દર્શન પ્રોફેસર મનીષભાઈ ચારેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મહિસાગર પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી ઉપક્રમે પાંડરવાળા ગ્રામ પંચાયત ખાતે રકતદાન કેમ્પ યોજયો



મલેકપુર,

મહિસાગર જીલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી તથા CM DASHBOARD ની પ્રવૃત્તિ ઓ અંતગર્ત આજરોજ પી.એસ. વળવીના પો.અધિક્ષક લુણાવાડા તથા જે.જી. ચાવડાના પો.અધિક્ષક મુ.મ લુણાવાડા નાઓના અદ્યક્ષ સ્થાને બાકોર પોલીસ સ્ટેશન દ્વારા પાડરવાડા ગ્રામ પંચાયત ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં ૪૪ જેટલા પાડરવાડા, બોરવાઈ કંપા, બાકોર ગામના માણસો તથાબાકોર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ એ તથા હોમગાર્ડ, જી.આર.ડી. રક્તદાતાઓએ ભાગ લીધેલ હતો. ૪૪ યુનીટ રક્ત એકત્ર કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ લાયન્સ કલબ લુણાવાડા તથા રેડક્રોસ સોસાયટી લુણાવાડાના સહયોગથી હાથ ધરવામાં આવેલ હતો. આમ સને ૨૦૨૩ વર્ષની વિદાય અનોખી રીતે બાકોર પોલીસ સ્ટેશન દ્વારા બ્લડ ડોનેશનનો કાર્યક્રમનું આયોજન કરી કરવામાં આવેલ હતું.

## ગરબાડામાંથી ચોરાયેલી રીક્ષા ભરૂચના આમોદ માંથી મળી : રિક્ષા સાથે એક શખ્સને ભરૂચ LCBએ દબોચ્યો

ગરબાડા,

ભરૂચ જીલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા જીલ્લામાં મિલ્કત સંબંધી ગુનાઓ અને વ્હિકલ ચોરીના ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા આપેલ સુચના આધારે એલ.સી.બી.ના ઈન્ચાર્જ પી.આઈ -એમ.એમ. રાઠોડના માર્ગ દર્શન હેઠળ સ્ટાફ આમોદ તાલુકામાં પેટ્રોલિંગમા હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે આમોદ તાલુકામાં દાહોદ,ગોધરા તરફનો એક ઈસમ નંબર પ્લેટ વિનાની રિક્ષા લઈ ફરી રહ્યો છે. જેવી બાતમીના આધારે પોલીસે આમોદથી ભીમપુરા ગામ તરફ જવાના રોડ ઉપર વોચ ગોઠવી હતી. પોલીસે બાતમી વાળી રિક્ષા આવતા તેને અટકાવી હતી અને રીક્ષા ચાલક પાસે દસ્તાવેજો માંગતા તેણે સંતોષકારક જવાબ નહીં આપતા પોલીસે ગરબાડાના ભૂરીયા ફળિયામાં રહેતો ભાનુ હરસિંગભાઈ ભુરીયાની શંકાસ્પદ હાલતમાં અટક કરી વધુ તપાસ હાથ ધરી છે. જેમાં તેની પૂછપરછ કરતાં તેને જણાવ્યું હતું કે, આજથી સાત દિવસ અગાઉ ગરબાડા રિલાયન્સ પેટ્રોલ પંપ ખાતેથી આ રીક્ષાની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. ભરૂચ એલ.સી.બી. પોલીસે ૧૦૦,૦૦૦ રુપિયાની રીક્ષા જપ્ત કરી આરોપી વિરૂદ્ધ ક્રિમિનલ પ્રોસિજન કોડની સહલગ્ન કલમ મુજબની કાર્યવાહી હાથ ધરી હતી.

# સંજેલીમાં માજી સૈનિકોએ સરકાર દ્વારા ખેતી હેતુસર જમીન ફાળવવામાં આવે તેવી માંગ સાથે મામલતદારને આવેદનપત્ર સોપ્યું

દાહોદ,

આવેદનપત્ર મુજબ માજી સૈનિકોને આપવામાં આવતી સરકાર દ્વારા ખેતી હેતુસર જમીન ફાળવવા આવે તે માટે સંજેલી પંથકના માજી સૈનિકોએ મામલદાર સમક્ષ આવેદનપત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. અગાઉ વ્યક્તિગત જે તે આદિવાસીએ તેમજ સરકારને પણ કરેલ ફાઈલો રજુ કરવામાં આવેલ હતી. માજી સૈનિકો વધુમાં જણાવ્યુ હતું કે, જીવનનો અમૂલ્ય સમય દેશના રક્ષણ માટે વ્યતિત કરનારા પુર્વ સૈનિકોને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા G. R. R. D. No. Ltd.



3988, (૧) ¹. A. Dated. 15. February. 1989, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, નેશનલ નંબર Lad.3881 505238 -- A Dated ૨૮ મી. ફેબ્રુઆરી, 1990. And. G R R D. NO. Land. 3988- - 2637 A Dated. 27 march 2001 થી. ૧૬ એકર સુધીની ખેતીની જમીન આપવાની જોગવાઈ છે. જે જોગવાઈઓને ધ્યાને લઈ ખેતીના હેતુ માટે જમીન ફાળવવા બાબતે સંજેલી તાલુકા મામલતદારને એક આવેદનપત્ર સોપવામાં આવ્યુ હતુ,

માજી સૈનિકોના જણાવ્યા અનુસાર અમો અગાઉ પણ એકજુટ થઈ તારીખ/ના ૨૬/૧૦/૨૦૨૦ ના રોજ આ બાબતે આવેદનપત્ર સોપણી કરી હતી. દાહોદ જીલ્લાના મહેરબાન કલેક્ટર દાહોદને પણ ૨૭/૧૯/૨૦૨૦ના દિન આવેદનપત્ર પત્ર આપી સૌ નિવૃતમાજી સૈનિકો દ્વારા ખેતીલાયક જમીન ખેતીકામ માટે ફાળવવામા આવે આવેદનપત્ર આપી માગણીઓ કરવામાં આવી હતી.

# સમૃદ્ધ ખેતી, સશક્ત ખેડૂત
# એ જ ગુજરાતની ઓળખ





## પીએમ કિસાન સન્માન નિધિ
અંતર્ગત આજ દિન સુધીના
**૧૫ હપ્તા**માં **₹૧૫,૦૦૦ કરોડ**થી
વધુ રકમ સીધી ખેડૂતોના બેંક ખાતામાં જમા

### રાસાયણિક ખેતી છોડીએ, પ્રાકૃતિક ખેતી અપનાવીએ
રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા ૨૦ લાખથી વધુ ખેડૂતોને તાલીમ આપી:
૮.૫ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી
ડાંગ બન્યો રાજ્યનો પ્રથમ સંપૂર્ણપણે પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો

પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરવા રાજ્યમાં દેશી ગાય નિભાવ ખર્ચ યોજનામાં
છેલ્લા 3 વર્ષમાં ૧.૮૪ લાખથી વધુ ખેડૂતોને ₹૫૦૦ કરોડથી વધુની સહાય

### સેન્ટર ઓફ એક્સેલન્સ
રાજ્યમાં બાગાયત ખાતા દ્વારા વિવિધ પાક અને થીમ ઉપર તૈયાર કરેલ કુલ ૭ સેન્ટર
ઓફ એક્સેલન્સ ખાતે ખેડૂતોને નિદર્શન તેમજ બાગાયતી કૌશલ્યવર્ધન અંગેની તાલીમ

### કૃષિ સહાય યોજનાઓનો વિશેષ લાભ મેળવતા આદિજાતિ વિસ્તારના ખેડૂતો
આદિજાતિ ખેડૂતોને સહાયિત દરે વધુ ઉત્પાદન આપતા બિયારણ, ખાતરો અને
અન્ય કૃષિ સહાયમાં છેલ્લા પાંચ વર્ષમાં ૨.૩૮ લાખથી વધુ લાભાર્થીઓને
કુલ ₹૧૧૦ કરોડની સહાય

બાગાયત ખાતાની સહાયલક્ષી યોજનાઓ અંતર્ગત આદિજાતિ વિસ્તારમાં અનુસૂચિત
જન જાતિના ખેડૂતોને છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૨.૧૪ લાખથી વધુ લાભાર્થીઓને
₹૧૬૬ કરોડની સહાય

### કુદરતી આપત્તિઓ સામે મળ્યું રક્ષણ
છેલ્લા ૯ વર્ષમાં ૮૯ લાખથી વધુ ખેડૂતોને ₹૧૦,૭૪૦ કરોડથી વધુની
કૃષિ રાહત પેકેજ સહાય

### પર ડ્રોપ મોર ડ્રોપ
છેલ્લા ૧૮ વર્ષમાં ૨૨ લાખથી વધુ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ પિયત પદ્ધતિ યોજના હેઠળ
આવરી લેવાયો: જેનાથી ૧૪ લાખથી વધુ ખેડૂતોને ₹૮ હજાર કરોડથી વધુની સહાય

સરદાર સરોવર યોજના અંતર્ગત રાજ્યના ૬૯ લાખ હેક્ટર અંતરિયાળ વિસ્તારોને
નર્મદા નદીના નીરથી પ્રાપ્ત થઈ સિંચાઈની સુવિધાઓ

### કૃષિ યાંત્રિકીકરણ સહાય
છેલ્લા ૯ વર્ષમાં ટ્રેક્ટર સહિત વિવિધ ઓજારોની ખરીદી માટે
૩.૫૨ લાખ ખેડૂતોને ₹૧૩૩૪ કરોડની સહાય

અદ્યતન ડ્રોન ટેક્નોલોજી દ્વારા નેનો યુરિયાના છંટકાવથી ઉત્પાદનની વધી અસરકારકતા

### બાગાયતી પાક ઉત્પાદનમાં વધારો
બાગાયતી પાકોમાં છેલ્લા ૫ વર્ષમાં કુલ વાવેતર વિસ્તારમાં ૧.૨૯ લાખ હેક્ટર
અને ઉત્પાદનમાં ૨૬.૮૩ લાખ મેટ્રિક ટન વધારો

બાગાયતી ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ હેઠળ કુલ ૬.૨૫ લાખ
બાગાયતી ખેડૂતોને ₹૯૪૯ કરોડથી વધુની સહાય

### ખેતપેદાશના ભાવને મળ્યું રક્ષણ
ખેડૂતોના ખેતપેદાશોના ભાવના રક્ષણ હેઠળ છેલ્લા ૭ વર્ષમાં ૨૫ લાખથી વધુ
ખેડૂતોને આવરી લઈ કઠોળ, તેલીબિયાં અને કપાસ જેવા પાકોની ₹૨૪ હજાર કરોડથી
વધુની ખરીદી

## કૃષિ ક્ષેત્રે **અવિરત વિકાસ**
## પ્રાકૃતિક ખેતી થકી **ખુશખુશાલ ખેડૂતો**



પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા તાલુકાના કાંકણપુર તુમડીયા અને મોર્યા ગામે નદી માંથી રેતી ખનન સ્થળે ખનિજ વિભાગે રેઈડ કરી પાંચ વાહનો સાથે પાંચ ઈસમોને ઝડપ્યા

## ખનિજ વિભાગે ૧ કરોડના વાહનો ઝડપ્યા



ગોધરા,

પંચમહાલ જીલ્લા ખાણ ખનિજ વિભાગની ટીમે ગોધરા તાલુકાના કાંકણપુર, તુમડીયા અને મોર્યા ગામે નદીમાં ગેરકાયદેસર રેતી ખનન સ્થળે દરોડો પાડી પાંચ વાહનો કિંમત ૧ કરોડના મુદ્દામાલ સાથે પાંચ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પંચમહાલ ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ગોધરા તાલુકા વિસ્તારના કાંકણપુર તુમાડડીયા, મોર્યા ગામે નદી માંથી ખનિજ વિભાગની તપાસ દરમિયાન નદી માંથી રેતી ખનન માટે ઉપયોગમાં લેવાયેલ હિટાચી મશી, ૩–ટ્રેકટર, ૧– ટ્રક મળી પાંચ વાહનો કિંમત ૧ કરોડનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. ખનિજ વિભાગના ચેકીંગ દરમિયાન પાંચ ઈસમોને પણ ઝડપી પાડવામાં આવ્યા હતા. ખનિજ વિભાગ દ્રરારા ઝડપી પાડવામાં આવેલ વાહનો ગોધરા કલેકટર કચેરી કંપાઉન્ડમાં રાખવામાં આવ્યા છે. જીલ્લા ખાણ ખનિજ વિભાગની જાસુસી કાંડનો ભાંડ ફુટી ગયા બાદ ખનિજ વિભાગની જાસુસી કરતાં તત્વોમાં છુપો ડર ઉભો થયો છે. ત્યારે જીલ્લા ખાણ ખનિજ વિભાગ સક્રિય થયું છે અને અત્યાર સુધી ખાનગી જાસુસીને લઈ ખનિજ ચોરી માંથી બચી જતાં ખનિજ માફિયાઓનું નેટવર્ક તોડવામાં અંશતઃ સફળતા મળી છે. જેને લઈ ખનિજ વિભાગની ટીમ દ્વારા કાંકણપુર પંથક માંથી ખનિજ ચોરી કરતાં પાંચ વાહનો સાથે પાંચ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા છે. જેને લઈને ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# શહેરામાં નંબર પ્લેટ વગરના વાહનોમાં ગેરકાયદે રેતીની થતી હેરાફેરી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના ડેમલી ગામ પાસે તેમજ અન્ય ગામ માંથી પસાર થતી કુણ નદીમાં મોટા પાયે ખનીજ ચોરી થતી હોય ત્યારે ખાણ ખનીજ વિભાગ દ્વારા આ સામે અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવે એ પણ જરૂરી છે. જોકે નંબર પ્લેટ વગરના ટ્રેકટર સહિતના વાહનોમાં ગેરકાયદે રેતીની હેરાફેરી થઈ રહી છે.

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં આવેલ નદી, કોતર માંથી સફેદ રેતીનો કાળો કારોબાર ધમધમી રહ્યો હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ સામે અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી નથી. જ્યારે ડેમલી તેમજ આજુબાજુના ગામોમાં પસાર થતી કુણ નદીમાં મોટા માથાઓ અને ઉંચી પહોંચ ધરાવતા વ્યક્તિઓ દ્વારા નદીમાં લિઝ નહી હોવા છતાં રેતી કાઢીને ટ્રેક્ટર સહિતના અન્ય વાહનોમાં હેરાફેરી થઈ રહી છે. જોકે, ગેરકાયદે રેતી ભરેલ વાહન પકડાઈ જાય નહિ એ માટે નંબર પ્લેટ પણ નહી હોવા સાથે રોજિંદા ૪૦ કરતા આવા વધુ વાહનો હાઈવે ઉપર તેમજ તાલુકા મથક ખાતેથી નીકળવા છતાં અસરકારક કાર્યવાહી નહી થતી હોવાથી સબંધિત તંત્રનો ડર ઓછો જોવા મળવા સાથે નિયમોનું પાલન નહીં થતું હોય એમ કહીએ તો નવાઈ નહી, જોકે પોલીસ તંત્ર દ્વારા આમ બીજા અન્ય વાહનોને નંબર પ્લેટના હોય તો ઊભા રાખીને નિયમો જણાવતા હોય ત્યારે ગેરકાયદે રેતી ભરીને નીકળતા નંબર પ્લેટ વગરના વાહનો સામે કાર્યવાહી કરવામાં આંખ આડા કાન કરતા હોય ત્યારે પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આદેશ કરવામાં આવશે. ત્યારબાદ ખનીજ ભરીને નીકળતા વાહનોને નિયમોનું પાલન કરવામાં આવશે એવુ લાગી રહ્યુ છે. ટ્રેક્ટર સહિતના વાહનોમાં રેતી અને સફેદ પથ્થરની રોયલ્ટી પાસ વગર ખનીજની હેરાફેરી થતી અટકે એ માટે જાગૃત નાગરીક દ્વારા ગાંધીનગર ખાતે લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવનાર છે.

# કાલોલ પોલીસ મથકના ઘરફોડ ચોરીના આરોપીને ૯૭ હજાર રૂપીયાના મુદ્દામાલ સાથે ગણતરીના કલાકોમાં ઝડપ્યો

કાલોલ,

કાલોલમાં વૃંદાવન સોસાયટીમાં થયલ ઘરફોડ ચોરીની ફરિયાદ પોલીસ તપાસમાં હતી. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, બર્ગમન ગાડી ઉપર ચોરીના દાગીના વેચવા માટે હાલોલ જઈ રહ્યો છે. જેના આધારે બોરૂ ટર્નિંગ પાસેથી ઈસમને ઝડપી ચોરીનો કિંમત ૯૭,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો મુજબ કાલોલ વૃંદાવન સોસાયટીમાં થયેલ ઘરફોડ ચોરીની ફરિયાદ નોંધાવેલ હતી. તેમાં પોલીસ ચોરને ઝડપી પાડવા માટે બાતમીદારોને કામ સોંપેલ હતું. દરમિયાન કાલોલ પોલીસને બાતમી મળી હતી કે, આરોપી ઈસમ બર્ગમેન ગાડી નંબર જીજે.૧૭. બીએસ. ૨૨૨૨ લઈને ચોરીના દાગીના હાલોલ વેચવા જઈ રહ્યા છે. તેવી ચોકકસ બાતમીના આધારે પોલીસે પોલીસે બોરૂ ટર્નિંગ પાસેથી બર્ગમેન ગાડીને ઉભી રાખી ઈસમનું નામ પુછપરતા મોઈન ઉર્ફે ઝફર ઉમરભાઇ કાજી (રહે. કાલોલ, પુરૂષોત્તમ સોસાયટી) જણાવેલ હતું. પોલીસે પકડાયેલ ઈસમની અંગઝડતી અને ગાડીની ડીકીમાં તપાસ કરતાં સોનાની વીટીં નગ–૨, ચાંદીના છડા, રોકડ રૂ.૩૫૦૦/–, મોબાઈલ મોટોરોલા, ઓપો કંપનીનો મોબાઈલ, વીવો મોબાઈલ એન્ડ્રોઈડ મોબાઈલ, સેમસંગ કંપનીના કિપેડ વાળો મોબાઈલ, માઈક્રોમેકસ મોબાઈલ, સેમસંગ કંપનીના મોબાઈલ, બર્ગમેન ગાડી મળી કુલ ૯૭,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. કાલોલ પોલીસે વૃંદાવન સોસાયટીમાં ઘરફોડ ચોરીનો ભેદ ગણતરીના કલાકમાં ઉકેલી આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી.

# કાગવડ શ્રી ખોડલધામ ખાતે કેન્સર હોસ્પિટલ ભૂમીપૂજનનું આમંત્રણ લઈ પહોંચેલ શ્રી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલનો અભિવાદન સમારોહ યોજયો




ગોધરા,

ગોધરા એ.બી.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરના હોલમાં પંચમહાલ ખોડલામ સમિતિના નેજા હેઠળ શ્રી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલનો અભિવાદન કાર્યક્રમ યજવામાં આવ્યો. કાગવડ શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલના ભૂમિ પૂજન સમારોહની આમંત્રણ માટે નરેશ પટેલ ગોધરા આવ્યા હતા. કાગવડ ખાતે શ્રી ખોડલધામ મંદિર ખાતે ૨૧ જાન્યુઆરીના રોજ એશીયાની સૌથી મોટી શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલનું ભૂમિ પૂજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના મોટી સંખ્યામાં પાટીદાર સમાજ જોડાય તે માટે દરેક જીલ્લામાં પ્રત્યક્ષ આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે આવેલ બી.એ.પી.એસ. શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે શ્રી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ આમંત્રણ લઈને પહોંચ્યા હતા. ગોધરા ખાતે આવેલ શ્રી ખોડલધામ ટ્રસ્ટના નરેશ પટેલના અભિવાદન માટે બી.એ.પી.એસ. શ્રી સ્વામીનારાયણ મંદિરના હોલમાં અભિવાદન સમારોશ યોજવામાં આવ્યો.

# કાલોલના ભરચક વિસ્તારમાં વહેલી સવારે ગૌ તસ્કરો થયાં સક્રીય : સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ



કાલોલ,

કાલોલ મુકામે નિશાચરો નિયમિત પણે સક્રિય હોવા છતાં રાત્રીના સમયે ઘરફોડ ચોરીઓના બનાવોમાં મહદઅંશે ઘટાડો થયો તે મધ્યે વધુ એક ચિંતાજનક તસ્કારીના બનાવો સામે આવ્યા છે. હાલ ગાય અને ગૌવંશની તસ્કરી સાથે સંકળાયેલા વિધર્મી ઈસમોએ કાલોલ નગરમાં પુનઃ સક્રિય થયા છે. થોડા સમય પૂર્વે જ ગાય અને ગૌવંશની કાલોલ નગર મધ્યે પસાર થતાં હાઈ વે પરથી તસ્કરી થતી હોવાની બૂમો ઉઠી હતી. તે અનુસંધાને સ્થાનિક પોલીસ અને ગૌરક્ષકોએ અસરકારક અભિયાનો ચલાવતા ગૌ તસ્કરીના બનાવોમાં પણ ઘટવા પામ્યા હતા. હાલના તબક્કે શિયાળાની કાતિલ ઠંડીનો લાભ લઈ ગૌ તસ્કરો ફરીથી એક વખત સક્રિય બન્યા છે. ત્યારે શુક્રવારના રોજ કાલોલ ડેરોલ સ્ટેશન રોડ પર સૂપેડા હોસ્પિટલ સામે આવેલી સોસાયટીમાં વહેલી સવારે ૪ થી ૫ ના સમય ગાળા મા ૫ થી ૬ જેટલા ઈસમોએ સફેદ કલરની કારમાં ગૌ તસ્કરીનો પ્રયાસ કર્યો હોવાનો વિડિયો વાયરલ થતાં સમસ્ત ગૌ પ્રેમીઓના હૈયા હચમચી ઊઠયો છે. વાઈરલ વીડિયોમાં લગભગ પાંચ જેટલા ઈસમો અંદાજિત ૫૦૦ થી ૭૦૦ કીલો વજનની ગાયને બળજબરી પૂર્વક એક મોટરકારમાં ઢસડી જતાં હોવાનું જણાઈ રહ્યું છે. ગાડીનો નંબર પણ દેખાઈ રહ્યો છે. જોકે યેનકેન પ્રકારે સ્વબચાવ માટે ઝઝૂમી રહેલી ગાયે તસ્કરોને મચક ન આપતા મોટરકાર માંથી બહાર કૂદી જઈ તસ્કરોનો ફેરો નિષ્ફળ બનાવ્યો હતો. સમગ્ર બનાવ સોસાયટીના જ એક મકાનમાં લાગેલા કેમેરામાં કેદ થતાં ઘટનાનો પર્દાફાશ થયો છે. ગાય હિન્દુ સનાતન ધર્મમાં માતા તરીકે સાર્વત્રિક પૂજાતી હોઈ પોલીસ હવે નિશાચરોની સાથે–સાથે ગૌ તસ્કરો બેફામ અને બેકાબૂ બને તે પૂર્વે ઉદાહરણરૂપ કામગીરી કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ઉલ્લેખનીય છે કે, ઘટના જે સોસાયટીમાં બની તે વિસ્તાર કાલોલ ડેરોલ મુખ્ય રોડની નજીકમાં જ આવેલો છે. ત્યારે ગાયોના રોજિંદા વિશ્રામસ્થળોની તસ્કરો દ્વારા રેકી કરી તસ્કરીને અંજામ આપતા હોવાની વાતો ચર્ચાઈ રહી છે.

# કોમર્સ કોલેજ ગોધરા ખાતે બ્લેક ડ્રેસ ડેની ઉજવણી



ગોધરા,

કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ વિભાગ દ્વારા વિવિધ ડેની ઉત્સાહપૂર્વક ઉજવણી થઈ રહી છે. જેના ભાગરૂપે બ્લેક ડ્રેસ ડે ની ઉજવણી પ્રોફેસર ડોકટર અરૂણસિંહ સોલંકીની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. વિદ્યાર્થી ભાઈ–બહેનોએ બ્લેક ડ્રેસ પહેરી પોતાના ગ્રુપ સાથે આ દિવસને શાનદાર ઉજવણી કરી હતી. સાથે સાથે કોલેજના કમ્પાઉન્ડમાંથી કચરો દૂર કરી કેમ્પસને સ્વચ્છ પણ બનાવ્યું હતું. એન.એસ.એસ. લીડર નિશી શાહ તથા માનસી ખરાદીએ સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

# ૩૧ ડીસેમ્બરને લઈ પાવાગઢમાં એસ.ઓ.જી.પોલીસની તપાસ દરમિયાન ૪ ગેસ્ટ હાઉસમાં સોફટવેર ઓનલાઈન એન્ટ્રી નહિ કરતાં સંચાલકો વિરૂદ્ધ ફરિયાદ

પાવાગઢ,

પંચમહાલ જીલ્લામાં ૩૧ ડિસેમ્બરને લઈ એસ.ઓ.જી. પોલીસ દ્વારા પાવાગઢ અને આજુબાજુની હોટલ, ગેસ્ટહાઉસ અને રીસોર્ટમાં ચેકીગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ચાર ગેસ્ટ હાઉસમાં મુસાફરોની સોફટવેર ઓનલાઈન એન્ટ્રી નહિ કરતાં ગેસ્ટ હાઉસના સંચાલકો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવામાં આવ્યો.

પંચમહાલ જીલ્લા પોલીસ દ્વારા ૩૧ ડીસેમ્બરના રોજ એસ.ઓ.જી. પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને લઈ પાવાગઢ અને આસપાસની હોટલો, ગેસ્ટ હાઉસો અને રીસોર્ટમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું. એસ.ઓ.જી. પોલીસની તપાસ દરમિયાન પાવાગઢ ખાતે આવેલ સિદ્ધી વિનાયક ગેસ્ટ હાઉસ, જયદેવા ગેસ્ટ હાઉસ, રંગતરંગ ગેસ્ટ હાઉસ, ચાંપાનેર નિવાસ ગેસ્ટ હાઉસમાં મુસાફરોની સોફટવેરમાં ઓનલાઈન એન્ટ્રી કરેલ ન હોય જેને લઈ ચાર ગેસ્ટ હાઉસના સંચાલકો વિરૂદ્ધ પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

દાહોદ જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શીતલકુમારી વાઘેલાના મારો પત્ર બોગસ છે ના ખુલાસા વચ્ચે

# ગરબાડા ના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર દ્વારા કલ્પેશ ચોટલીયા ના બદલી પ્રકરણમાં લખાયેલ પત્ર સાચો હોવાના હુકારને લઈને માહૌલ ગરમાયો !




ગરબાડા,

દાહોદ પ્રાયોજના વહીવટદાર ની અસલી કચેરીમાંથી બહાર આવેલા નકલી કાર્યપાલક ઈજનેર સંદીપ રાજપૂતની ૬ બોગસ સરકારી કચેરીઓના કરોડો રૂપિયાના બાહર આવેલા મહાકૌભાંડના ગરમાવા વચ્ચે દાહોદ જીલ્લા આયોજન કચેરી ખાતે ફરજ બજાવતા સંશોધન અધિકારી કલ્પેશ ચોટલીયાના વહીવટ વિરોધ ગંભીર આક્ષેપો કરીને જીલ્લા બહાર બદલી કરતો દાહોદ જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શીતલકુમારી બી. વાઘેલાના લેટરપેડ ઉપર લખાયેલ આ પત્ર બોગસ છે અને તેઓના લેટરપેડનો દૂર ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સામે જરૂર પડે કાયદેસર તપાસ કરીને પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવશે ના જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શીતલકુમારી.બી. વાઘેલાના ઉચ્ચારણ વચ્ચે ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર દ્વારા દાહોદ જીલ્લા આયોજન કચેરીના સંશોધન અધિકારી કલ્પેશ ચોટલીયાના મનસ્વી વહીવટ સંદર્ભમાં ગાંધીનગર સ્થિત રાકેશ શંકર (આઈ.એ.એસ) સચિવ (આયોજન) સામાન્ય વહીવટ વિભાગને તા. ૩ ઓક્ટોબરના રોજ પાઠવેલા પત્રમાં સંશોધન અધિકારી કલ્પેશ ચોટલીયાની જીલ્લા બહાર બદલી કરવાની રજૂઆત કરતો પત્ર બહાર આવ્યો છે. આ કલ્પેશ ચોટલીયા વિરૂદ્ધ લખવામાં આવેલ પત્ર મેં જ લખ્યો હોવાના ગરબાડા ભાજપના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરના મક્કમ ઉચ્ચારણો વચ્ચે આયોજન કચેરીના સંશોધન અધિકારી કલ્પેશ ચોટલીયા ના બદલી પ્રકરણને લઈને દાહોદ જીલ્લાના સત્તાધારી ભા.જ.પ. ના રાજકીય માહોલ અને વહીવટી તંત્રમાં પણ માહૌલ ગરમાયો છે. એટલા માટે કે, દાહોદ જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શીતલકુમારી. બી. વાઘેલાના લેટરપેડના દૂર ઉપયોગ સાથે સંશોધન અધિકારી કલ્પેશ ચોટલીયાના વહીવટી વર્તન સંદર્ભમાં લખાયેલ પત્ર અને ત્યારબાદ ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર ધારાસભ્યના લેટરપેડ ઉપર લખવામાં આવેલ આ પત્ર એમ.એલ.એ ગ્રાન્ટની રજૂઆતની એક લાઈનને બાદ કરતાં એક સરખી રજૂઆતના પત્રને લઈને સંશોધન અધિકારી કલ્પેશ ચોટલીયા ના બદલી પ્રકરણને લઈને ભારે ગરમાવો ઉભો થવા પામ્યો છે.

એટલા માટે કે દાહોદ જીલ્લા આયોજન કચેરીમાં ફરજ બજાવતા સંશોધન અધિકારી કલ્પેશ ચોટલીયાના વહીવટ વિરૂદ્ધ આક્ષેપો કરીને જીલ્લા બહાર બદલી કરતો દાહોદ જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શિતલકુમારી.બી.વાઘેલાના લેટરપેડ ઉપર રજૂઆત કરતો તા. ૨૫ સપ્ટેમ્બરના આ પત્ર બોગસ છે અને મારા લેટરપેડ ને દુરૂપયોગ કરાયો હોવાની ગાંધીનગર સુધી સ્પષ્ટતા કરતા આ પત્ર બાદ ગરબાડા ભા.જ.પના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર દ્વારા તારીખ ૩ ઓક્ટોબર ના રોજ કલ્પેશ ચોટલીયાના વહીવટ વિરૂદ્ધ ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગના સચિવ (આયોજન)ને લખેલ પત્ર સાચો છે અને મેં પોતે લેખિતમાં રજૂઆત કરી હોવાના ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરે મક્કમતાપૂર્વક જણાવ્યું હતું.

# ગરબાડાની મીનાક્યાર બોર્ડર પર થઈને ગુજરાતમાં પ્રવેશતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરાયું


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

દાહોદ જીલ્લાની ગરબાડાની મીનાક્યાર બોર્ડર મધ્યપ્રદેશ અને ગુજરાતને જોડતી મુખ્ય બોર્ડર છે. જ્યાં અવારનવાર મધ્યપ્રદેશમાંથી ગુજરાતમાં દારૂ ઘુસાડવામાં આવે છે અને નવા નવા કીમિયાઓ અજમાવીને દારૂનો જથ્થો ગુજરાતના વિવિધ વિસ્તારોમાં જતો હોય છે. વર્ષ ૨૦૨૩ પૂર્ણ થવાના આરે છે. ત્યારે ૩૧ફર્સ્ટની ઉજવણી હોય ત્યારે આવા સમયમાં દારૂની હેરાફેરી પણ થાય ત્યારે મધ્યપ્રદેશ માંથી ગુજરાતમાં દારૂ ન આવે તે માટે ગરબાડા પોલીસ દ્વારા મીનાક્યાર બોર્ડર પર પોલીસનો ચાંપતો બંદોબત ગોઠવી દેવામાં આવ્યો છે અને મધ્યપ્રદેશ માંથી આવતા તમામ વાહનોની પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવી રહી છે અને મધ્યપ્રદેશને જોડતા જુદા જુદા વિસ્તારોમાં પણ પોલીસ દ્વારા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે અને આવનાર ૨૦૨૪નું વર્ષ શાંતિપૂર્ણ માહોલમાં ચાલુ થાય તે માટે તેમજ વિદેશી દારૂ ઘુસાડનાર તત્વોને પકડી પાડવા માટે પોલીસ દ્વારા તમામ વાહનોનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, મીનાક્યાર બોર્ડર પાસે જ મધ્યપ્રદેશનો દારૂનો ઠેકો પણ આવેલ છે.

# ગોધરા એ ડીવીઝન મથકના બે મોબાઈલ ચોરી ગુન્હામાં બે ઈસમોને પાંચ મોબાઈલ સાથે ઝડપ્યા

ગોધરા,

ગોધરા એ ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે, બે ઈસમો ચોરીના મોબાઈલ ફોન વેચવા ફરી રહ્યા છે અને નારી કેન્દ્રથી બસ સ્ટેન્ડ તરફ ચાલતા આવી રહ્યા છે. બાતમીના આધારે બે ઈસમોને રોકી અંગઝડતી કરતાં ૭ મોબાઈલ ફોન મળી આવ્યા. બે મોબાઈલ ગોધરા ભોઈવાડા માંથી ચોરી કર્યાની કબુલાત કરી.

ગોધરા એ ડીવીઝન સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા. દરમિયાન બાતમી મળી હતી કે, ઈસમો મોબાઈલો ફોન વેચવા ફરી રહ્યા છે અને નારી કેન્દ્ર થી બસ સ્ટેન્ડ તરફ આવી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે બે ટીમો બનાવી વર્ણનવાળા બે ઈસમોને ઝડપ્યા હતા અને અંગઝડતી કરતાં અલગ અલગ કંપનીના ૭ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પોલીસે મોબાઇલ ફોન બાબતે પુછપરછ કરતાં બે મોબાઈલ ફોન અંકલેશ્વર મહાદેવ રોડ ભોઈવાડા માંથી ચોરી કર્યાની કબુલાત કરી પકડાયેલ આરોપીઓ હર્ષદ ઉર્ફે આયુષ ભુપેન્દ્રભાઇ ભોઈ (રહે. કંજરી, ગોવિંદનગર,હાલોલ), ગૌરાંગકુમાર ઉર્ફે ચાપ્ટર રમેશભાઇ રાઠવા (રહે. આમ્રપાલી–૧, હાલોલ) ને ઝડપી પાડી ૨૯,૫૦૦/–રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. સાથે એ ડીવીઝન પોલીસ મથકે મોબાઈલ ચોરીનો ગુનો ડીટેકટ કરવામાં આવ્યો. પોલીસે બન્ને ઈસમોની અટકાયત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.110